જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને લાયન્સ ક્લબ ઑફ હેરીટેજના સંયુક્ત ઉપક્રમે

# લવારપુરની શાળામાં કાનૂની સલાહ શિબિર



લવારપુરની શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને લાયન્સ ક્લબ ઑફ હેરીટેજના સંયુક્ત ઉપક્રમે સૅલ્ફ ડિફેન્સ અને કાનૂની સલાહ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પૅરાલિગલ વૉલન્ટીયર વિમળાબેન અયાચી, સુધીરભાઈ દેસાઈ, અંજનાબેન નિમાવત, ડૉ. મહાવીર નિમાવત, સુધાબેન પટેલે ઉપસ્થિત રહીને બાળકોના અધિકારો, રાઈટ ટુ ઍજ્યુકેશન અંગે વિશદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ શિબિરમાં વિદ્યાર્થીઓ સહિત વાલીઓ અને ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં ઉપાચાર્ય અવંતિકા પંડ્યાએ આ ઉપયોગી ઉપક્રમના આયોજન બદલ કાનૂની સેવા સત્તામંડળ અને લાયન્સ ક્લબ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ગાંધીનગર આઈઆઈટી ખાતે

# મેકર્સ ઍન્ડ કમ્યુનિકેટર્સ પ્રોગ્રામ સંપન્ન



આઈઆઈટી, ગાંધીનગર ખાતે રાજ્યની વિવિધ આઈટીઆઈના ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ મેકર્સ ઍન્ડ કમ્યુનિકેટર્સ પ્રોગ્રામ અંતર્ગત ચાર મહિનાની ઈન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આઈઆઈટીના સૅન્ટર ફોર ક્રિએટીવ લર્નિંગ દ્વારા આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈટીઆઈના ૨૫૦ જેટલા ફાઈનલ યર સ્ટુડન્ટમાંથી આ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી પ્રોગ્રામ માટે કરવામાં આવી હતી.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય અને અર્જુન આશ્રમ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાલયના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, મેનેજિંગ ટ્રસ્ટી શોભનાબા વાઘેલા, ટ્રસ્ટી અવધેશકુમાર શુક્લા, આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને અર્જુન આશ્રમ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય ઋષિકુમાર યાદવ ઉપસ્થિત રહ્યા હતા, જેમનું સ્વાગત શ્રી પ્રતાપસિંહજી વિદ્યાલયના ઉપાચાર્ય નરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવ અંતર્ગત વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની મનમોહક રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક મોતિસિંહ શુરાવત અને તુલસીકુમારી ચૌહાણે કર્યું હતું.

કાર્યક્રમનું સમાપન ટ્રસ્ટી શોભનાબા દ્વારા આભારવિધિથી કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



મીના એચ ત્રિવેદી
પાસ્ટ પ્રેસીડેન્ટ, લાયોનેસ ક્લબ
મો. ૯૪૨૬૬૩૭૧૦૨



ફાલ્ગુની ગોવડા
લાયોનેસ ક્લબ



પારૂલબેન દવે
બ્રહ્મસમાજ મહિલા પાંખ



કનુભાઈ આર વોરા
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ



ક્રિષ્ના એમ દેવમોરારી

# ગ્રીષ્મા વ્યાસનું મનમોહક આરંગેત્રમ





ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા દિવ્ય નૃત્ય ભરતનાટ્યમની નૃત્યમ સંસ્થામાં ગહન તાલીમ લઈ ગ્રીષ્મા વ્યાસે સુંદર આરંગેત્રમની પ્રસ્તુતિ ટાગોર હૉલ, અમદાવાદ ખાતે કરી હતી અને ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. ૧ હજાર વર્ષ પહેલાંની દેવદાસી કે જય સોમનાથમાં પોતાના આરાધ્યને સમર્પિત થવા ઉત્કટતાથી નૃત્ય કરતી નર્તકીની આબેહૂબ આભા ગ્રીષ્માએ પોતાના નૃત્યથી ઊભી કરી હતી. ઉલ્લેખનીય છે કે ગ્રીષ્મા શાસ્ત્રીય નૃત્ય સાથે વેસ્ટર્ન ડાન્સ અને અભિનયમાં પણ ઊંડો રસ ધરાવે છે અને આ ક્ષેત્રમાં પણ ઝડપથી આગળ વધી રહી છે.



ગાંધીનગર, તા. ૧૯

યુવા કાર્યક્રમ એવ ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા ફિટ ઈન્ડિયા મિશન અંતર્ગત સમગ્ર ભારત ખાતે વિશાળ સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું .જેમાં સમગ્ર ભારતમાં એક જ સમય અને એક જ દિવસ દરમિયાન તમામ રાજ્યો,જિલ્લાઓ અને તાલુકાની અંદર એક સાથે સાઇકલ રેલી નીકળે તેવું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા ખાતે રાજમાતા દેવ કુંવરબા,હાઈસ્કૂલ,માણસા ખાતે વિશાળ સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૨૦ પણ વધુ વિદ્યાર્થીઓ ,યુવકો તેમજ અન્ય ગ્રામજનોએ ભાગ લીધો હતો. જેમાં સમગ્ર આયોજન તેમજ કાર્યક્રમ દરમિયાન રાજમાતા દેવ કુંવરબા હાઈસ્કુલના પ્રિન્સિપલ તેમજ શિક્ષકો હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય યુવા કાર્યકર મોચી હાર્દિક તેમજ આકાશ પટેલે કર્યું હતું.

# ગજાનન સેવા સમિતિ દ્વારા બાળસેવા





ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયામાં ૧૧૦ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને અણસોલમાં ૧૯ લાભાર્થીઓને ચોખા ઉપરાંત ધાબળા, બેસન અને મમરાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સૌને વિટામીન એ અને ડીની ટેબલેટ્સ પણ આપવામાં આવી હતી. બુધરાસણ, અજીતપુરા, ધરાસણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સ્વેટર, નવાં કપડાં, પૅન્સિલ, ઈરેઝર, ચપ્પલ, બિસ્કીટ અને નાસ્તાની ભેટ ધરવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાયજ્ઞમાં ડૉ. કલ્પના, મિલિન્દભાઈ, ગામેતીભાઈ અને યોગેશભાઈ જોડાયા હતા.



ગાંધીનગર, તા. ૧૯

મધ્યપ્રદેશમાં દેવાસ ખાતે તાજેતરમાં યોજાયેલ રાષ્ટ્રકક્ષાની સૅકન્ડ વેસ્ટ ઝોન પેંચક નેશનલ ચૅમ્પિયનશીપમાં ૬ રાજ્યોના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદની હીરામણિ સ્કૂલના સબ જુનિયર વિભાગમાં ભૂમિ રાજપૂત, સુબ્બી સિંઘે ગોલ્ડ મેડલ, ચાહના પટેલે સિલ્વર મેડલ અને જુનિયર વિભાગમાં શ્રેયા રાવલ, વંદના શુક્લએ સિલ્વર મેડલ, સિનિયર વિભાગમાં શિવમ યાદવ, યોગન્દ્ર ચૌહાણે બ્રોન્ઝ મેડલ જીતી હીરામણિ સ્કૂલના ગૌરવમાં વધારો કર્યો હતો. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન, મેનેજિંગ ટ્રસ્ટી વરૂણ નરહરિ અમીન દ્વારા વિદ્યાર્થીઓ અને કોચને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ૨૧મીએ અમદાવાદ ખાતે રાજયકક્ષાનો 'પરીક્ષા પર્વ'

## તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ યોજાનાર કાર્યક્રમમાં ૩૦૦ જેટલા શિક્ષણવિદો ભાગ લેશે : શ્રેષ્ઠ શાળાઓને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા બાળકો-વિદ્યાર્થીઓ મુક્ત અને તણાવ રહિત વાતાવરણમાં પરીક્ષા આપીને શ્રેષ્ઠ પરિણામ મેળવી શકે તે હેતુથી આગામી તારીખ ૨૧ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ અમદાવાદ એસોસિયેશન ઓફ મેનેજમેન્ટ (AMA)ખાતે પરીક્ષા પર્વ ૨૦૨૦ની ઉજવણી કરવામાં આવશે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, નવી દિલ્હીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા પરીક્ષા પર્વ-૨૦૨૦ થીમ ઉપર બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, વિવિધ શિક્ષણવિદો, મનોચિકિત્સકો, શિક્ષકો, વાલીઓ, એન.જી.ઓ. સહિત ૩૦૦ લોકોની ઉપસ્થિતિમાં બાળકો-વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે તણાવ મુક્ત કેવી રીતે રાખવા, શ્રેષ્ઠ પરિણામ મેળવવું જેવા વિષયો ઉપર મંથન-ચર્ચા યોજાશે. આ પરીક્ષા પર્વ નિમિત્તે રાજયની શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરીને શિક્ષણ વિભાગ દ્વારા તેમને પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૨૦ દરમિયાન રાજ્યભરમાં પરીક્ષા પર્વ-૨૦૨૦ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે. જેના ભાગરૂપે આગામી તારીખ ૩૦ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી બાયસેગ ગાંધીનગરના માધ્યમથી જિલ્લા કક્ષાના પરીક્ષા પર્વ-૨૦૨૦ની ઉજવણી કરવામાં આવશે તેમ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# દરેક દીકરીએ પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવી જોઈએ

ગાંધીનગરનાં કવિતા દવેએ ઑલ ઈન્ડિયા ઍજ્યુકેટર હેર ડ્રેસર ટાઈટલ જીતી નગરના ગૌરવમાં વધારો કર્યો છે.

અમદાવાદ ખાતે તાજેતરમાં રેડિક્સના સૌજન્યથી બ્યુટિશિયન સૅમિનારનું આયોજન થયું હતું. હેર ડ્રેસિંગ, હેર કટીંગ, હેર સ્મૂથનિંગ, હેર સ્ટ્રેટનિંગ કરનાર અને તાલીમ આપનાર વ્યક્તિઓને આ સૅમિનારમાં નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં. કવિતાને બૉલીવૂડ ફિલ્મ સ્ટાર શહેનાથ પદ્મશ્રીના હસ્તે બેસ્ટ હેર ડ્રેસરની ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી.



કવિતા દવેના પતિ વિજયન્તકુમાર વકીલાતનો વ્યવસાય કરે છે. પરિવારમાં બે દીકરી - પ્રકૃતિ અને પરિ છે, જે બંને ડીપીઍસમાં અભ્યાસ કરે છે. સાસુ નંદીબેન અને સસરા બી એન લેઉઆ સાથે પરિવાર રહે છે.

કવિતા મૂળ વડાલીનાં વતની છે અને તેમણે પ્રાથમિક અભ્યાસ ગામમાં લીધો હતો, ધોરણ-પથી ૯ કડી સર્વ વિદ્યાલયમાં, ધોરણ-૧૦,૧૧,૧૨ સી જે હાઈસ્કૂલ અને બીસીએની ડિગ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર કૉલેજમાંથી પ્રાપ્ત કરી. એ પછી તેમણે હિલવૂડ એકેડેમી ઑફ ઍજ્યુકેશનમાં બીઍડ પણ પૂર્ણ કર્યું અને યુરોકિડ્સ-૧ તથા કૅન્દ્રીય વિદ્યાલય ખાતે જૉબ પણ કરી જોઈ. પરંતુ કંઈક નવું કરવાની તમન્ના તેમને બ્યુટી પાર્લરની તાલીમ સુધી ખેંચી ગઈ. અહીં પણ તેમણે હેર ડ્રેસિંગમાં મહારત હાંસલ કરી. આ તાલીમ તેમણે અમદાવાદ ખાતે માસ્ટર પંકજ પાસેથી પ્રાપ્ત કરી. તેમણે એક જ રાતમાં ૫૦૦ પ્રકારે હેર કટિંગ કર્યા અને આ મહારત હાંસલ કરી લીધી. આ મહારતને વ્યવસાયમાં તબદિલ કરતા પહેલાં તેમણે સોસાયટીનાં ૨૦૦ જેટલાં બહેનોને ફ્રીમાં હેર સ્ટાઈલ અને હેર કટિંગ કરી આપ્યાં, જેનાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો અને બહેનોનાં સજેશન્સ પણ મળ્યાં.

બ્યુટીશિયનનો વ્યવસાય એ નવા જમાનાનો પ્રતિષ્ઠિત વ્યવસાય છે અને તેના દ્વારા પણ બહેનો નામ અને દામ કમાઈ શકે છે એવો કવિતાનો સંદેશ છે. વળી, હવે તો સરકાર પણ આઈટીઆઈ અને ઍનજીઓના માધ્યમથી આ તાલીમ આપી રહી છે, જે બહેનોને સાવ નજીવા દરે કે નિઃશુલ્ક પણ મળી રહે છે. વ્યવસાય તરીકે બહેનોએ આ ક્ષેત્ર પણ અપનાવવું જોઈએ એવી તેમની સલાહ છે.

દરેક દીકરીએ પોતાની રીતે આગળ આવવું જોઈએ અને પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવી જોઈએ. ઘર-પરિવારને સાથે રાખીએ તો તેમનો પણ સહકાર મળી જ રહે છે એવું કવિતાનું દઢપણે માનવું છે. પોતાની સફળતામાં પણ પતિ અને શ્વસૂર પક્ષની ભાગીદારીને કવિતા સગર્વ સ્વીકારે છે.



પ્રસંગસર
કુંતલ નિમાવત
knn786@gmail.com